# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા- જિ.મહેસાણા

## (ભરતી જાહેરાત ક્રમાંક ૦૩/૨૦૨૪)

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા જિ.મહેસાણા દ્વારા યોજાનાર સીધી ભરતી અંતર્ગત યોજાનાર લેખિત પરીક્ષા માટે ઉમેદવારોને નીચેની સૂચનાઓ વાંચી અમલ કરવા જણાવવામાં આવે છે.

1. આ પરીક્ષામાં આપે કરેલ અરજીના આધારે હોલ ટિકીટની વિગતો તૈયાર કરવામાં આવેલી છે આપે અરજી પત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, જાતિ કે અન્ય કોઈપણ પ્રકારની માહિતી ભવિષ્યમાં કોઈપણ તબક્કે ખોટી કે ક્ષતિયુક્ત હોવાનું જણાશે તો આપની ઉમેદવારી નિયમ અનુસાર રદ થવાને પાત્ર થશે.
2. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝાની જાહેરાતના સંદર્ભમાં આપે જે સંવર્ગ માટે અરજી કરેલ છે તે સંવર્ગ માટે પસંદગી સમિતિએ ૫૦ ગુણ લેખિત કસોટી નક્કી કરવાનું ઠરાવેલ છે, તે માટે બહુ વૈકલ્પિક ૫૦ પ્રશ્નો ધરાવતી કસોટી લેવામાં આવનાર છે, જેમાં મેળવેલા ગુણ મેરીટ બનાવતા ધ્યાનમાં લેવામાં આવશે અને "કટ ઓફ માર્કસ" આધારે મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.
3. સદર કસોટી માટે નીચે મુજબનો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવેલ છે.
   સહકાર ક્ષેત્ર, અર્થશાસ્ત્ર, કૃષિ ક્ષેત્ર, કોમ્પ્યુટર, ગુજરાતની ભૂગોળ, ગુજરાત સરકાર અને ભારત સરકારની યોજનાઓ અને પ્રોજેક્ટ, ગુજરાત રાજ્યમાં આવેલી પ્રતિષ્ઠિત સંસ્થાઓ ,પર્યાવરણ, જાહેર વહીવટ ,ભારતનું બંધારણ, પંચાયતી રાજ, ગણિત અને સામાન્ય બૌદ્ધિક ક્ષમતા, અંગ્રેજી અને ગુજરાતી વ્યાકરણ ,મહત્વના દિવસો, સામાન્ય વિજ્ઞાન, સહકારી કાયદાઓ અને તાજેતરના વર્તમાન પ્રવાહો તેમજ ઘટનાઓ અને બનાવો. ઓવરશીયરની જગ્યા માટે સિવિલ ઇજનેરીને લગતા, કેમિસ્ટની જગ્યા માટે કેમિસ્ટ્રીને લગતા તેમજ એકાઉન્ટન્ટની જગ્યા માટે એકાઉન્ટ વિષયના પ્રશ્નો આવશે.
4. પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપે આ સાથે મોકલાવેલ કોલ લેટર કમ હાજરી પત્રક ઉપર પોતાનો ફોટો ચોટાડી પરીક્ષા ખંડમાં અચુક સાથે લાવવાનો રહેશે. અન્યથા આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહિ.
5. હોલ ટીકીટ/પ્રવેશપત્રમાં ઉમેદવારે તમામ વિગતો ભરવાની રહેશે અને સુપરવાઈઝરશ્રીની સહી કરાવવાની રહેશે.
6. પરીક્ષા ખંડમાં આપે આપની ઓળખ માટે ચુંટણીકાર્ડ, આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાનકાર્ડ પૈકી કોઈ એક અસલમાં/ઓરીજનલ સાથે રાખવાનું રહેશે. જે સુપરવાઈઝરશ્રી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે.

પાછળ...

7. નિર્ધારિત પરીક્ષા સમય કરતા ૩૦ મિનીટ પહેલા આપે પરીક્ષા સ્થળ ઉપર અચૂક હાજર થવાનું રહેશે. પરીક્ષા માત્ર ૫૦ મીનીટની રહેશે.
8. પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે ચાર વિકલ્પો આપવામાં આવશે અને દરેક વિકલ્પની આગળ ચોરસ બોક્સ હશે. જેમાંથી સાચા વિકલ્પ આગળના ચોરસ બોક્સમાં ખરાની નિશાની કરવાની રહશે. એક કરતા વધુ ચોરસ બોક્સમાં એક જ પ્રશ્ન માટે ખરાની નિશાનીઓ કરેલી હશે તો તે પ્રશ્ન માટે કોઈ ગુણ આપવામાં આવશે નહિ. છેક-છાક કરેલ હશે તો તે પણ માન્ય રહેશે નહિ. પરીક્ષાના અંતે આ પ્રશ્નપત્ર સુપરવાઈઝરશ્રીને સુપ્રત કરવાનું રહેશે.
9. પરીક્ષા ખંડમાં કોઈપણ પ્રકારની ગેરરીતી આચરવી નહિ. જો કોઈ પ્રકારની ગેરરીતી આચરવામાં આવશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે અને યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
10. કોઈપણ ઉમેદવાર પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડી શકશે નહિ. કોઈ ખાસ સંજોગોમાં પણ આ ટૂંકા સમય માટે ઉમેદવારને વર્ગખંડની બહાર જવા દેવામાં આવશે નહિ.
11. ઉમેદવારે મોબાઈલ ,ડિજિટલ-સ્માર્ટ ઘડિયાળ, હેડફોન, કેલ્ક્યુલેટર, બ્લુટુથ ડિવાઇસ કે અન્ય ડિજિટલ ડિવાઇસ વગેરે સાથે લાવવા પર પ્રતિબંધ છે. આ ઉપરાંત પુસ્તકો કાગળો સાહિત્ય વગેરે સાથે રાખવા પર પ્રતિબંધ છે. કોઈ ઉમેદવાર પાસેથી ચાલુ પરીક્ષાએ વર્ગખંડમાંથી આવી વસ્તુઓ મળી આવશે તો એ સાથે રાખવા બદલ તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે અને આવી વસ્તુઓ જપ્ત કરી શિસ્ત ભંગના પગલાં લેવામાં આવશે.
12. ઉમેદવારે પરીક્ષા માટેના પ્રવેશપત્રનું અડધિયું પરીક્ષા ખંડમાં સુપરવાઈઝરશ્રી ને પરત આપવાનું રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે.
13. ઉમેદવાર પીવાના પાણીની પારદર્શક બોટલ સાથે રાખી શકશે.
14. પરીક્ષા સ્થળ તેમજ કેમ્પસમાં ઉમેદવારો સિવાય તેઓના સગા સબંધીઓ કે વાલીને પ્રવેશ આપવામાં આવશે નહી.
15. ઉમેદવારે પરીક્ષા ખંડમાં તેમને આપવામાં આવતી સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે.

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE